# આકુલા અને પ્રિસ્કીલાએ નવા આગેવાનોને શિક્ષણ આપ્યું.

*બાળકોને શિખવનારાઓએ સ્ટડી વાંચવો.*

**પ્રાર્થના :** આકાશમાંના અમારા પિતા, નવા આગેવાનોને શિક્ષણ આપવા મારી સહાય કરો. જેથી તેઓ દ્વારા તેમના ટોળાની ઉન્નતિ થાય. તેઓ બીજા નવા આગેવાનોને તૈયાર કરે જેથી પૃથ્વી ઉપર તમારૂં રાજ્ય સતત વૃદ્ધિ પામતું જાય.

**૧. બીજાને શિક્ષણ આપવાની સેવા માટે પ્રભુના વચન દ્વાર તમારા હૃદયોને તૈયાર કરો.**



**પ્રે૧૮:૨૪-૨૮**માં આકુલા અને પ્રિસ્કીલાએ એપોલસને શિક્ષણ આપ્યું તે વાંચો.

- આકુલા અને પ્રિસ્કીલાએ એપોલસને શિક્ષણ ક્યારે આપ્યું. તેની ભૂલ પારખ કર્યા પહેલાં કે પછી ?
- એપોલસ ભૂલ કરે છે તે કાળજીપૂર્વક સાંભળ્યા પછી. આકુલા અને પ્રિસ્કીલાએ તેને ક્યાં શિક્ષણ આપ્યું ?
- આકુલા અને પ્રિસ્કીલાએ જ્યારે એપોલસને પોતાનાં ઘરમાં શિક્ષણ આપ્યું ત્યારે તેણે શું કર્યું ? (ક. ૨૭ અને ૨૮ જુઓ).
- ખ્રિસ્તની સેવા કરવા માટે આકુલા અને પ્રિસ્કીલા એક ટીમ તરીકે સાથે કામ કરતા હતા. તમારા ટોળાના પરિણિત દંપતિઓ તે જપ્રમાણે ખ્રિસ્ત માટે કામ કરે માટે તમે શું કરી શકો ?

આગેવાનોને બે માર્ગોએ તૈયાર કરો.

૧) જે પ્રમાણે પ્રભુ ઈસુ ટોળાને શિક્ષણ આપતા હતા તે પ્રમાણે ગ્રુપને એકત્ર કરીને સંબોધન કરવું.

૨) પ્રભુ ઈસુ તેના શિષ્યોને શિક્ષણ આપતા હતા તે રીતે નાના ગ્રુપોને શિક્ષણ આપવું.

આ બંને પધ્ધતિઓનો સમતોલ ઉપયોગ કરો.

- નવી મંડળીઓ અને નવા આગેવાનોને નવજાત શિશુની જેમ તાકીદની જરૂરિયાતો હોય છે. તેમના કરતા વધારે અનુભવી શિક્ષકોની સેવાની તેમને જરૂર હોય છે.
- જૂની મંડળીઓ અને પુખ્ત આગેવાનો ઉપર બહુ ધ્યાન આપવાની જરૂર નથી. પાઉલે, ઈસુની જેમ તેના અનુયાયીઓ તેમની મદદ વગર સેવા કરવા પુરતા પરિપક્વ થઈ ગયા પછી તેમને શિક્ષણ આપવાનું બંધ કર્યું હતું.
- નવા આગેવાનોની બધી જરૂરિયાતો જેઓ પૂરી પાડી શકતા નથી તેવા જરૂરિયાતવાળા આગેવાનો માટે વર્કશોપ અને ટૂંકા અભ્યાસક્રમો શરૂ કરો. પ્રભુ ઈસુ અને પાઉલે તેમના તાલિમાર્થીઓને તૈયાર કર્યા તે રીતે શિક્ષણ આપો.

એક આગેવાન બીજાને કઈ રીતે તૈયાર કરે છે ? આ સાત બાબતો કરવા માટે યાદ રાખો.

- ગ્રુપ નાનું રાખો. દરેક તાલિમાર્થી માટે તમારે સમય ફાળવવો પડે.
- ઉચ્ચ પાળકીય નમૂનો. આ શિક્ષણ રીતે આપો કે તેનું સરળ રીતે તેઓ અનુસરણ કરી શકે.
- દરેક તાલિમાર્થીનો રીપોર્ટ કાળજીપૂર્વક સાંભળો. તમારી સાથે છેલ્લી મીટીંગ કર્યા પછી તેમણે અને તેમના ટોળાએ કઈ પ્રવૃત્તિ કરી છે અને તેમની જરૂરિયાતો શી છે ?
- દરેક તાલિમાર્થીને પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં મદદ કરો. તાલિમાર્થી અને તેમનું ટોળું પોતાની જરૂરિયાતો માટે શું કરશે તે એક કાગળ ઉપર લખો. નવા કરારની જરૂરિયાત પ્રમાણેની જે પ્રવૃત્તિઓની હજુ ટોળામાં કમી છે તે પ્રવૃત્તિઓ ઉભી કરો. નકારાત્મક સમસ્યાઓ પાછળ બહુ સમય બગાડવાથી દૂર રહો. નવા

ટોળાને શિક્ષણની મીટીંગ વખતે રજુ કરો.

- તાલિમાર્થીઓ શું વાંચે છે તે તેમને જણાવે તેમ કહો. છેલ્લી વખતે જે વાંચન સોંપ્યું હતું તેમાંથી તેઓ શું શિખ્યા તે જણાવવાનું કહો.
- નવું વાંચન સોંપો. દરેક વિદ્યાર્થીની યોજના મુજબનો અભ્યાસક્રમ પસંદ કરી શકો માટે અભ્યાસક્રમના પ્રાપ્ય લીસ્ટને ધ્યાન પૂર્વક જોઈ જાઓ. દરેક તાલિમાર્થી એક જ અભ્યાસક્રમનો અભ્યાસ નહીં કરે.
- એકબીજાને માટે પ્રાર્થના કરો. દોરવણી અને સામર્થ્ય માટે તેમજ જે લોકોની તમે સેવા કરો છો તેમને માટે પ્રાર્થના કરો.

**બાયબલની શિક્ષણ સાંકળ** (કોણે કોને શિક્ષણ આપ્યું તે એરો દર્શાવે છે)

યિથ્રો - મુસા - ઈસ્ત્રાએલના વડીલો, જેઓએ ઈસ્ત્રાએલીઓને દોર્યા.

મુસા - યહોશુઆ - જેણે ઈસ્ત્રાએલના સૈન્યને દોરવણી આપી કે તેઓ પ્રતિજ્ઞાનો દેશ મેળવે.

દબોરાહ - બારાક - જેણે મૂર્તિપૂજક કનાનીઓને હરાવવામાટે ઈસ્ત્રાએલના સૈન્યને દોરવણી આપી.

એલી - શમૂએલ - શાઉલ રાજા - શેબાની રાણી

એલિયાહ - એલીશા - યોઆશ રાજા.

દાનીએલ - નબાખાદનેસ્સાર રાજા.

મોર્દખાઈ - એસ્તર

ઈસુ - તેના પ્રેરિતો - નવી મંડળીઓના વડીલો

ફિલીપ - ઈથિયોપિઆનો અધિકારી

પ્રિસ્કીલા અને આકુલા - આપોલસ

પાઉલ - તિમોથી - વિશ્વાસુ માણસો - બીજાઓ (૨ તિ.૨:૨)

## ૨. અઠવાડિયા દરમ્યાનની પ્રવૃત્તિઓ માટે સાથીદારો સાથે આયોજન કરો.

- જેણે આગેવાન થવા માટેની તાલિમ શરૂ કરી હોય તેવા તમારા ટોળાના કોઈપણ વિશ્વાસીની મુલાકાત કરો. આવા વિશ્વાસીઓને નિયમિત શિક્ષણ આપવા માટે તાલિમાર્થીઓ સાથે ગોઠવણ કરો.
- સ્થાનિક વિસ્તારની અન્ય મંડળીઓના એવા આગેવાનો હોય કે જેમને શિક્ષણની જરૂર છે. તો તેમની મુલાકાત લઈને શિક્ષણની વ્યવસ્થા ગોઠવો.
- જેમને કોઈપણ પ્રકારની સલાહ કે શિક્ષણની જરૂર હોય તેવા વિશ્વાસીઓ કે મિત્રોની મુલાકાત કરો. તેમની જરૂરિયાતો શોધી કાઢવા માટે તેમની વાત ધ્યાનપૂર્વક સાંભળો અને સેવા માટેની તકો સમજો.

## ૩. આગામી ભજનસેવા માટે સાથીદારો સાથે આયોજન

જરૂરિયાતો અને સ્થાનિક રસમ અનુસારની **પ્રવૃત્તિઓ પસંદ કરો** નવા વિશ્વાસીઓને શિક્ષણ આપવા માટે તેમજ બીજાઓ કે જેઓને મદદની જરૂર છે તેઓ માટે પ્રાર્થના દ્વારા સામર્થ્ય માંગો.

આકુલા અને પ્રિસ્કીલાએ કઈ રીતે આપોલસને શિક્ષણ આપ્યું તે **કહો અથવા ભજવી બતાવો.** ભાગ-૧ માંથી જે બાબતો ભણ્યા તેની ચર્ચા કરો.

ભાગ-૧ અનુસાર તાલિમના બે માર્ગોનું સમતુલન કઈ રીતે કરવું તે **સમજાવો.** બાઈબલના ભક્તો જેઓએ બીજાઓને શિક્ષણ આપ્યું તે વિષે કહો. (ભાગ-૧માંથી)

**પોલ-તિમોથી ની શિક્ષણ સાંકળનું નિદર્શન**

- બધાને ઊભા કરો અને ચાર ગ્રુપ બનાવો. તે ગ્રુપોને અલગ અલગ ઉભા રાખો. આ દરેક ગ્રુપને એક એક શહેર તરીકે ગણો.
- કોઈને રતિ.૨:૨ વાંચવાંનું કહો. નવી મંડળીઓ કે ગ્રુપોની પુન:રચનાની ચાર સાંકળો આ શાસત્રભાગમાં આપવામાં આવી છે. (૧) પાઉલ અંત્યોખમાં (૨) તિમોથી એફેસસમાં (૩) કોલોસેમાંના કેટલાક વિશ્વાસુઓ અને (૪) બીજાઓ જેઓ લાઓદીકીઆમાં હતા.

૧. અંત્યોખ : પાઉલ અને બાર્નાબાસ દેવનું વચન સૌ પહેલાં અંત્યોખમાંથી લઈ ગયા. પહેલા ગ્રુપના બે માણસોને બાયબલ લઈને બીજા ગ્રુપમાં જવાનું કહો. આ ગ્રુપ એફેસસ શહેર છે.

૨. એફેસસ : પાઉલે તિમોથીને શિક્ષણ આપ્યું. દેવનું કામ સંભાળવા તેને પાઉલે એફેસસમાં રાખ્યો.

૩. કોલોસે : તિમોથીએ વિશ્વાસુ માણસોને તે શિક્ષણ સોંપ્યું. આ માણસો એફેસસ અને કોલોસેમાંના બીજા વડીલો હતા, તેઓમાં એપાફ્રાસ પણ હતો. (કોલો૧:૧-૮)

૪. લાઓદીકીઆ : એપાફ્રાસે કોલોસેમાંથી જઈને લાઓદીકીઆના બીજા વિશ્વાસુઓને શિક્ષણ સોંપ્યું. (કોલો,.૪)૧૨-૧૩)

નિર્ગ ૧૮ મુજબ યિથ્રોએ કઈ રીતે મુસાને શિક્ષણ આપ્યું તે **કહો** અથવા ભજવી બતાવો.

વિશ્વાસીઓએ હાલમાંજ તૈયાર કરેલા શિક્ષણ આપવા અંગેના રીપોર્ટો માંગો.

બાળકોએ તૈયાર કરેલા ગીત અને નાટક તેમને **રજુ કરવા દો.**

બે કે ત્રણના ગ્રુપમાં યોજનાઓની ચર્ચા કરો. શિક્ષણ સોંપાવાની યોજનાઓ અંગે પ્રાર્થના કરો અને એકબીજાને ઉત્તેજન આપો.

એલીયાહે એલીશાને કઈ રીતે શિક્ષણ આપ્યું તેનું **બાળકોને નાટક કરવા દો.** આ નાટક સંબંધીના પ્રશ્નો બાળકો મોટાઓને પૂછી શકે.

**પ્રભુની મેજ**ની સેવા માટે રૂમી ૧૬:૩-૫ વાંચો. સમજાવો કે આકુલા અને પ્રિસ્કીલા રોમ, એફેસસ અને સંભવતઃ કોરીંથમાં પોતાના ઘરમાં મંડળી ચલાવતા હતા. પ્રેરિતોના સમયમાં વિશ્વાસીઓ પ્રભુની મેજ ક્યાં ઉજવતાં હતા તે આપણને યાદ દેવડાવે છે. તેઓ નાના ગ્રુપોમાં રોટલી ભાંગતા અને દરેક એકબીજા સાથે નિકટની સંગત રાખતા હતા.

Copyright © 2004 by Paul-Timothy. May be freely copied.
Download from www. Paul-Timothy.net.